લોકસભા/વિધાનસભા સામાન્ય/પેટા ચૂંટણી સંબંધિત વિવિધ કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ/કર્મચારીઓને માનદવેતન (Honorarium) તથા મહેનતાણા (Remuneration)ની ચૂકવણી બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: GAD/MSM/e-file/1/2025/5648/CHH Polling Staff
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨/૦૪/૨૦૨૬

**વંચાણે લીધા:-**

(૧) ભારતના ચૂંટણી આયોગનો તા.૦૮/૦૮/૨૦૨૫નો પત્ર ક્રમાંક:464/INST/EPS/2025/Honorarium

(૨) ભારતના ચૂંટણી આયોગનો તા.૦૮/૦૮/૨૦૨૫નો પત્ર ક્રમાંક:464/INST/EPS/2025/Remuneration & TA/DA

**ઠરાવ:-**

લોકસભા/વિધાનસભા સામાન્ય/પેટા ચૂંટણી સંબંધિત વિવિધ કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ/કર્મચારીઓને માનદવેતન(Honorarium)ની રકમ,મહેનતાણા(Remuneration)ના દર તથા જમવા/અલ્પાહાર(Food/Refreshment)ના દરમાં વંચાણે લીધા ક્રમાંક: (૧) અને (૨)થી ભારતના ચૂંટણી આયોગ દ્વારા વધારો સૂચવવામાં આવેલ છે, જે અન્વયે માનદવેતન(Honorarium)ની રકમ તથા મહેનતાણા(Remuneration)ના દર વધારવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨. આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાના અંતે, હવે પછી યોજાનાર લોકસભા/વિધાનસભાની સામાન્ય/પેટા ચૂંટણી દરમ્યાન નીચે દર્શાવેલ કોષ્ટક-(A) મુજબ માનદવેતન(Honorarium)/મહેનતાણાના દર(Rates of Remuneration), કોષ્ટક-(B) મુજબ ભારતના ચૂંટણી આયોગ તરફથી કોઇ સૂચના ન હોય તેવી જિલ્લા/તાલુકા કક્ષાની વિવિધ ટીમ માટે મહેનતાણાના દર(Rates of Remuneration) તેમજ કોષ્ટક-(C) મુજબ જમવા/અલ્પાહાર (Food/Refreshment)ના દર નક્કી કરી તે મુજબ ચૂકવણું કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(A) માનદ વેતન(Honorarium)/મહેનતાણાના દર(Rates of Remuneration)**

| ક્રમ | અધિકારી/કર્મચારીનો હોદ્દો | ઉચ્ચક માનદ વેતન/મહેનતાણાના દર |
|---|---|---|
| ૧. | સેક્ટર ઓફીસર(Sector Officer)/સહાયક ખર્ચ નિરીક્ષક(Assistant Expenditure Observer) | તેમની પૂર્ણ સમયની ચૂંટણી ફરજ માટે રૂ.૧૦૦૦૦/- અથવા બજાવેલ ફરજના સમયગાળાના પ્રમાણસર |
| ૨. | ઝોનલ મેજિસ્ટ્રેટ(Zonal Magistrate)<br>(સેક્ટર ઓફીસર સિવાય નિયુક્ત કરેલ હોય તો) | રૂ.૧૫૦૦/- ઉચ્ચક |

| | | |
|---|---|---|
| ૩. | પ્રિસાઇડીંગ ઓફીસર(Presiding Officer) અને મતગણતરી સુપરવાઇઝર(Counting Supervisor) | પ્રતિ દિન(અથવા તેનો ભાગ) રૂ.૫૦૦/- લેખે અથવા રૂ.૨૦૦૦/- ઉચ્ચક |
| ૪. | પોલીંગ ઓફીસર(Polling Officer) | પ્રતિ દિન(અથવા તેનો ભાગ) રૂ.૪૦૦/- લેખે અથવા રૂ.૧૬૦૦/- ઉચ્ચક |
| ૫. | મતગણતરી મદદનીશ(Counting Assistant) | પ્રતિ દિન(અથવા તેનો ભાગ) રૂ.૪૫૦/- લેખે અથવા રૂ.૧૩૫૦/- ઉચ્ચક |
| ૬. | EVM કાર્યરત કરવા, મતદાન ટુકડીઓ અને મતદાન સામગ્રી મોકલવા અને મતગણતરી વગેરે માટે રોકાયેલ વર્ગ-૪ના કર્મચારીઓ | પ્રતિ દિન(અથવા તેનો ભાગ) રૂ.૩૫૦/- લેખે અથવા રૂ.૧૪૦૦/- ઉચ્ચક |
| ૭. | કોલ સેન્ટર/કંટ્રોલ રૂમ માટે રોકાયેલ વર્ગ-૪ના કર્મચારીઓ | રૂ.૧૦૦૦/- ઉચ્ચક |
| ૮. | Video Surveillance Team,<br>Video Viewing Team,<br>Accounting Team,<br>Control Room and Call Centre Staff,<br>Media Certification and Monitoring Committee,<br>Flying Squads,<br>Static Surveillance Team,<br>Expenditure Monitoring Cell | વર્ગ-૧/૨ (રૂ.૩૦૦૦/- ઉચ્ચક)<br>વર્ગ-૩ (રૂ.૨૦૦૦/- ઉચ્ચક) |
| ૯. | Income Tax Inspector | રૂ.૧૨૦૦/- ઉચ્ચક |
| ૧૦. | માઇક્રો ઓબ્ઝર્વર(Micro Observer) | રૂ.૨૦૦૦/- ઉચ્ચક |

**(B) ભારતના ચૂંટણી આયોગ તરફથી કોઇ સૂચના ન હોય તેવી જિલ્લા/તાલુકા કક્ષાની વિવિધ ટીમ માટે મહેનતાણાના દર(Rates of Remuneration)**

| ક્રમ | અધિકારી/કર્મચારીનો હોદ્દો | મહેનતાણાના દર |
|---|---|---|
| ૧. | ભારતના ચૂંટણી આયોગ દ્વારા નિયુક્ત ઓબ્ઝર્વર(નીરિક્ષક)નો સ્ટાફ | |
| | (અ) લાયઝન અધિકારી | પ્રતિ દિન રૂ.૩૫૦/- લેખે (મહત્તમ ૨૫ દિવસ માટે) |
| | (બ) હિસાબી અધિકારી | પ્રતિ દિન રૂ.૩૫૦/- લેખે (મહત્તમ ૮ દિવસ માટે) |
| | (ક)મદદનીશ લાયઝન અધિકારી/નાયબ મામલતદાર/અંગ્રેજી-ગુજરાતી સ્ટેનોગ્રાફર | પ્રતિ દિન રૂ.૨૫૦/- લેખે (મહત્તમ ૨૫ દિવસ માટે) |
| | (ડ) પટાવાળા/ડ્રાઇવર | પ્રતિ દિન રૂ.૨૦૦/- લેખે (મહત્તમ ૨૫ દિવસ માટે) |
| | જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી/ચૂંટણી અધિકારીશ્રીએ અધિકારી/કર્મચારીએ કરેલ કામગીરીના ખરેખર દિવસો અથવા કૌંસમાં લખેલ દિવસો, જે ઓછા હોય તે ધ્યાને લઇ મહેનતાણું નક્કી કરવાનું રહેશે. | |

| | | |
|---|---|---|
| ૨. | આચાર સંહિતાના અમલ માટેનો સ્ટાફ | |
| | (અ) નોડલ અધિકારી | રૂ.૬૦૦૦/- ઉચ્ચક રકમ |
| | (બ) મદદનીશ નોડલ અધિકારી | રૂ.૪૦૦૦/- ઉચ્ચક રકમ |
| | (ક) ડ્રાઇવર | પ્રતિ દિન રૂ.૨૦૦/- લેખે |
| | [ઉક્ત (ક) હેઠળના કિસ્સામાં મહેનતાણું કેટલા દિવસ માટે ચૂકવવું તેનો નિર્ણય આદર્શ આચાર સંહિતાના દિવસોથી વધે નહી તે ધ્યાને લઈ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી/ચૂંટણી અધિકારીશ્રીએ કરવાનો રહેશે.] | |
| ૩. | (અ) સેક્ટર અધિકારી/ઝોનલ મેજિસ્ટ્રેટના મદદનીશ | રૂ.૬૦૦૦/- ઉચ્ચક |
| | (બ) સેક્ટર અધિકારી/ઝોનલ મેજિસ્ટ્રેટના ડ્રાઇવર | પ્રતિ દિન રૂ.૨૦૦/- લેખે |
| | [ઉક્ત (બ) હેઠળના કિસ્સામાં મહેનતાણું કેટલા દિવસ માટે ચૂકવવું તેનો નિર્ણય આદર્શ આચાર સંહિતાના દિવસોથી વધે નહીં તે ધ્યાને લઈ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી/ચૂંટણી અધિકારીશ્રીએ કરવાનો રહેશે.] | |
| ૪. | મેનપાવર, ઇ.વી.એમ., વાહન વ્યવહાર વ્યવસ્થા, તાલીમ, ચૂંટણી સામગ્રી, આચાર સંહિતા અમલીકરણ, ખર્ચ પર દેખરેખ નિયંત્રણ, ઓબ્ઝર્વર સાથે સંલગ્ન, કાયદો અને વ્યવસ્થા, મત પત્ર/ડમી મત પત્ર, જાહેર માધ્યમો, કમ્પ્યુટરાઇઝેશન, સ્વીપ, હેલ્પલાઇન અને ફરિયાદ નિવારણ તેમજ એસએમએસ મોનીટરીંગ અને કોમ્યુનિકેશન પ્લાન વગેરે જેવી વિવિધ અને અગત્યની કામગીરીઓ માટેના નોડલ અધિકારી | |
| | (અ) કોઇપણ ટીમના નોડલ અધિકારી | રૂ.૬૦૦૦/- ઉચ્ચક રકમ |
| | (બ) નોડલ અધિકારી સાથે સંલગ્ન પટાવાળા/ડ્રાઇવર | પ્રતિ દિન રૂ.૨૦૦/- લેખે |
| | [ઉક્ત (બ) હેઠળના કિસ્સામાં મહેનતાણું કેટલા દિવસ માટે ચૂકવવું તેનો નિર્ણય આદર્શ આચાર સંહિતાના દિવસોથી વધે નહીં તે ધ્યાને લઈ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી/ચૂંટણી અધિકારીશ્રીએ કરવાનો રહેશે.] | |
| ૫. | અન્ય કોઇ પણ રીતે ચૂંટણી માટે નિયુક્ત સ્ટાફ | |
| | (અ) વર્ગ-૧/૨ના અધિકારી | પ્રતિ દિન રૂ.૩૫૦/- લેખે |
| | (બ) વર્ગ-૩ના કર્મચારી | પ્રતિ દિન રૂ.૨૫૦/- લેખે |
| | (ક) પટાવાળા/ડ્રાઇવર | પ્રતિ દિન રૂ.૨૦૦/- લેખે |
| | (મહેનતાણું કેટલા દિવસ માટે ચૂકવવું તેનો નિર્ણય ઉમેદવારી નોંધાવવાના પ્રથમ દિવસથી મતદાનના દિવસ સુધીના સમયગાળાથી વધે નહી તે ધ્યાને લઈ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી/ચૂંટણી અધિકારીશ્રીએ કરવાનો રહેશે.) | |

| (C) Food/Refreshmentના દર | | |
|---|---|---|
| ક્રમ | વિગત | દર |
| ૧. | ચૂંટણી સંબંધિત કામગીરી માટે તમામ મતદાન મથકો/મતગણતરી કેન્દ્રો પર તૈનાત પોલીસ કર્મચારીઓ, મોબાઇલ પાર્ટીઓના કર્મચારીઓ, હોમગાર્ડ્સ, ફોરેસ્ટ ગાર્ડ્સ, ગ્રામ રક્ષક દળ, એનસીસી કેડેટ્સ, ભૂતપૂર્વ સૈનિકો, સ્વયંસેવકો વગેરે સહિત મતદાન કર્મચારીઓ માટે પેક્ડ લંચ અને નાસ્તો. | પ્રતિ દિન(અથવા તેનો ભાગ) ૩.૫૦૦/- લેખે |

૩. ઉક્ત તમામ હોદ્દાઓના સંદર્ભમાં જો કોઇ અધિકારી/કર્મચારીએ પૂર્ણ સમય માટે ચૂંટણી ફરજ ન બજાવી હોય, તો તેવા કિસ્સામાં જે તે અધિકારી/કર્મચારીએ બજાવેલ ફરજના સમયગાળાને ધ્યાને લઈ તેના સપ્રમાણમાં મહેનતાણાની ચૂકવણી કરવાની રહેશે અને તે માટેના દિવસોની ગણતરીનો નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી/ચૂંટણી અધિકારીશ્રીએ કરવાનો રહેશે.

૪. આ અંગેનો ખર્ચ (૧) લોકસભા/વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજાય તો તે કિસ્સામાં માંગણી ક્રમાંક: ૩૧-ચૂંટણી, મુખ્ય સદર: ૨૦૧૫-ચૂંટણીઓ, (૧૦૪) લોકસભા/વિધાનસભાની સમકાલીન ચૂંટણી યોજવાનો ખર્ચ, આયોજન બહાર સદર હેઠળ, (૨) લોકસભાની ચૂંટણીઓ માટે માંગણી ક્રમાંક: ૩૧-ચૂંટણી, મુખ્ય સદર: ૨૦૧૫ ચૂંટણીઓ, (૧૦૫) લોકસભાની ચૂંટણી સંચાલનનો ખર્ચ, આયોજન બહાર સદર હેઠળ અને (૩) વિધાનસભાની ચૂંટણીના કિસ્સામાં માંગણી ક્રમાંક: ૩૧-ચૂંટણી, મુખ્ય સદર: ૨૦૧૫-ચૂંટણીઓ, (૧૦૬) વિધાનસભાની ચૂંટણી સંચાલનની ખર્ચ આયોજન બહાર સદર હેઠળ ઉધારવાનો રહેશે.

૫. ઉક્ત ઠરાવમાં દર્શાવેલ હોદ્દાઓ માટેના ઉચ્ચક માનદ વેતન/મહેનતાણાના દર તથા પેક્ડ લંચ અને રિફ્રેશમેન્ટના દર માટે અગાઉ નક્કી કરવામાં આવેલ દર સંબંધિત તમામ ઠરાવો આથી રદ કરવામાં આવે છે.

૬. આ ઠરાવનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

૭. આ હુકમો આ વિભાગની ઇ-ફાઇલ ક્રમાંક: GAD/MSM/e-file/1/2025/5648/CHH Polling Staff પર સરકારશ્રીની તા.૨૧/૦૪/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એમ.બી. દેસાઇ)**
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
- સર્વે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ.
- વિધાનસભા/લોકસભા મતવિભાગના સર્વે ચૂંટણી અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા વિભાગ, ચ-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ, છ(બજેટ) શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.